# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ,બિલખા રોડ,ખડીયા,
જુનાગઢ–૩૬૨૨૬૩,ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૮
વેબસાઈટ: http://www.bknmu.edu.in ઈમેઈલ : info@bknmu.edu.in


**વિષય :- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ના પ્રથમ યુથ-ફેસ્ટીવલ-"અવસર-૨૦૧૭" નું યજમાન પદ સ્વીકારવા અંગે**

**સંદર્ભ : ૧ )તા. ૦૭-૦૯-૨૦૧૭ એક્ઝીક્યુટીવ કાઉન્સિલ મીટીંગ – એજન્ડા નં: ૯**
**૨ )તા. ૦૮-૦૯-૨૦૧૭ યુથ ફેસ્ટીવલ -૨૦૧૭ આયોજન સમિતિની મીટીંગ નોંધ**

આદરણીય,
ભક્તકવિ નરસિંહ મહેતા ના પુણ્ય નામ સાથે જોડાયેલ યુનિવર્સિટીએ માત્ર બે જ વર્ષના ટૂંકા ગાળામાં યુનિવર્સિટી તરીકે શૈક્ષણિક જગતમાં અનેરી અને આગવી છાપ ઉભી કરેલ છે. ચાલુ વર્ષે યુનિવર્સિટી ખાતે ૩ નવા ભવનો શરુ કરી ઉચ્ચ શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે ઉન્નત શરૂઆત પણ કરેલ છે. વિદ્યાર્થીઓમાં રહેલ સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવા તેમજ તેમનાં સર્વાંગી વિકાસ માટે રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવુત્તિઓ અવિભાજ્ય અંગ હોય છે. ભક્તકવિ નરસિંહ મહેતા ના નામ સાથે જોડાયેલ યુનિવર્સિટીની સલંગ્ન કોલેજો/સંસ્થાઓ ખાતે ભણતા વિદ્યાર્થીઓમાં કલા, સંસ્કૃતિ અને સર્જનાત્મકતા સાહજિક હોય છે. ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા આ વર્ષે યુનીવર્સીટીનો પ્રથમ યુથ ફેસ્ટીવલ "**અવસર-૨૦૧૭**" નું આયોજન આગામી ૩ અને ૪ ઓક્ટોબર ૨૦૧૭ દરમ્યાવન કરવાનું વિચારેલ છે. આ અન્વયે ઉક્ત સંદર્ભ-૧ અને ૨ અનુસાર યુનિવર્સિટી સંચાલિત વિવિધ સલંગ્ન કોલેજો/સંસ્થાઓ પાસે યુથ ફેસ્ટીવલ "**અવસર-૨૦૧૭**" નું આયોજન કરવા તેમજ યજમાનપદ સ્વીકારવા માટેની વિગતવાર દરખાસ્ત આમંત્રિત કરવામાં આવે છે.

ઓલ ઇન્ડિયા યુનિવર્સિટી ( AIU) નિયમો અનુસાર આ સ્પર્ધાઓ જુદા જુદા પાંચ વિભાગો સાહિત્ય, સંગીત, નૃત્ય, નાટક અને સર્જનાત્મકતા એમ પાંચ વિભાગોમાં વહેચાતી હોય છે. યુથ ફેસ્ટીવલનું યજમાન પદ મેળવવા રસ ધરાવતી સંસ્થાઓએ નીચે મુજબની સુવિધાઓ સાથે આનુસંગિક તૈયારીઓ કરવાની હોય છે.

| ક્રમ | જરૂરી સ્થળ | ઉપયોગની વિગત |
|---|---|---|
| ૦૧ | મુખ્ય રંગમંચ<br>(ખુલ્લા મેદાનમાં મીનીમમ ૧૦૦*૮૦ મીટર સાઈઝનો ડોમ જેમાં ૬૦*૪૦ ફૂટનું નું મેઈન સ્ટેજ) | • ઉદ્દઘાટન સમારોહ<br>• સમાપન સમારોહ<br>• લોક નૃત્યો<br>• ફોલ્ક ઓરકેસ્ટ્રા |
| ૦૨ | થીયેટર હોલ<br>(લાઈટ અને ગ્રીન રૂમ સાથે) | • નાટ્ય સ્પર્ધાઓ માટે |

# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ,બિલખા રોડ,ખડીયા,
જુનાગઢ–૩૬૨૨૬૩,ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૮
વેબસાઈટ: http://www.bknmu.edu.in ઈમેઈલ : info@bknmu.edu.in


| | | |
|---|---|---|
| ૦૩ | ૨૦*૧૫ ની સાઈઝનું સ્ટેજ બની શકે તેવા મીનીમમ ૫૦૦ ચોરસ ફૂટ વાળા ૫ નાના હોલ | • સાંગીતિક સ્પર્ધાઓ માટે<br>• વકતૃત્વ સ્પર્ધા<br>• શાસ્ત્રીય નૃત્ય |
| ૦૪ | ૪ ખુલ્લા મોટા હોલ અથવા ફોયર | • રંગોળી, કલે મોડેલીંગ, હસ્તકલા, સર્જનાત્મકતા વિગેરે માટે |
| ૦૫ | ૭ ક્લાસ રૂમ (બેઠક વ્યવસ્થા સાથે) | • ચિત્ર, કાર્ટૂનીંગ, પોસ્ટર મેકિંગ, નિબંધ, કાવ્ય લેખન, પાદપૂર્તિ વિગેરે સ્પર્ધાઓ માટે |
| ૦૬ | મલ્ટી મીડિયા રૂમ અથવા કોમ્પુટર લેબ | • પ્રશ્ન મંચની સ્પર્ધા માટે |
| ૦૭ | ભોજન કક્ષ | • વિદ્યાર્થી સ્પર્ધકો, સહાયકો તેમજ ટીમ મેનેજરો માટે |
| ૦૮ | વી આઈ પી ભોજન કક્ષ | • યુથ ફેસ્ટીવલ આયોજન સમિતિના , માર્ગદર્શન સમિતિસભ્યોના સભ્યો, મહેમાનો તેમજ નિર્ણાયકો માટે |
| ૦૯ | યુથ ફેસ્ટીવલ કાર્યાલય (ઈન્ટરનેટ, કોમ્પુટર અને પ્રિન્ટર, ઝેરોક્ષ મશીન સાથે ) | • સમગ્ર આયોજન માટે |

આ ઉપરાંત નીચે મુજબની વ્યવસ્થા કરવાની રહેશે.

1. ઉપરોક્ત તમામ સ્થળોએ જરૂરિયાત મુજબની લાઇટ, સાઉન્ડ, ફોટોગ્રાફી, વિડીઓગ્રાફી , પીવાના પાણી અને વાહન પાર્કીંગની વ્યવસ્થા કરવાની રહેશે.
2. ટોકન દરે નિયત રકમ લઇ જુદી જુદી કોલેજોમાંથી ભાગ લેવા આવતા વિદ્યાર્થી સ્પર્ધકો તેમજ ટીમ મેનેજરો માટે રેહવા તેમજ ચા-નાસ્તો અને જમવાની વ્યવસ્થા કરવાની રહેશે.
3. યુથ ફેસ્ટીવલ "**અવસર-૨૦૧૭**" આયોજન સમિતિના સભ્યો, માર્ગદર્શન સમિતિના સભ્યો, આમંત્રિત મહેમાનો તેમજ નિર્ણાયકો માટે તેમની ગરિમા અનુરૂપ રહેવા તેમજ ચા-નાસ્તો અને જમવાની વ્યવસ્થા આપના સ્તરેથી કરવાની રહેશે.
4. વિવિધ સ્પર્ધાઓ માટે આમંત્રિત કરાયેલ નિર્ણાયકો તેમજ મહેમાનોને નિયત પુરસ્કાર તેમજ TA/DA ચૂકવવાનું રહેશે.

**ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી**
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ,બિલખા રોડ,ખડીયા,
જુનાગઢ–૩૬૨૨૬૩,ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેકસ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૮
વેબસાઈટ: http://www.bknmu.edu.in ઈમેઈલ : info@bknmu.edu.in

5. યુથ ફેસ્ટીવલ **"અવસર-૨૦૧૭"** અન્વયે બ્રોશર, બેનર, કાર્ડ્સ, હોર્ડીન્ગ્સ, પાસ, બેઇઝ , પ્રમાણપત્રો તેમજ અન્ય તમામ પ્રકારનું પ્રિન્ટીંગ આયોજન સમિતિની સુચના મુજબ કરવાનું રહેશે.
6. યુથ ફેસ્ટીવલ દરમ્યાન દરેક સ્થળે પુરતી સિક્યુરીટી પૂરી પડવાની રેહશે તેમજ સ્વચ્છતા જળવાય તેની ખાસ તકેદારી રાખવાની રેહશે,
7. ૫૦ જેટલા વિદ્યાર્થી સ્વયં સેવકો અને ૨૦ જેટલા અધ્યાપકોની ટીમ આયોજન સમિતિના સહકારમાં આપવાની રહેશે.
8. ઉપરોક્ત બાબતોના ખર્ચ અન્વયે યુનિવર્સિટી તરફથી આંશિક રકમ સમગ્ર કાર્યકમના આયોજન માટે ફાળવવામાં આવશે, અન્ય વધારાનો ખર્ચ સંસ્થાએ પોતાના લેવલે કરવાનો રહેશે.
9. યુથ ફેસ્ટીવલ **"અવસર-૨૦૧૭"** પૂર્ણ થયા બાદ સમગ્ર યુથ ફેસ્ટીવલની ડીવીડી, ફોટો ગ્રાફ્સ સાથે સંપૂર્ણ અહેવાલ યુનિવર્સિટી ખાતે રજુ કરવાનો રહેશે.
10. આ ઉપરાંત આયોજન સમીતી વખતો વખત જે સુચન કરે તેનું પાલન કરવાનું રહેશે.

ઉપરોક્ત સુવિધાઓ પૂરી પાડવા સક્ષમ અને ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનાં પ્રથમ યુથ ફેસ્ટીવલ **"અવસર-૨૦૧૭"** નુ ગૌરવવંતુ યજમાનપદ સ્વીકારવા માંગતી સંસ્થાઓએ સંપૂર્ણ વિગતો અને માહિતી સાથેની દરખાસ્ત દિવસ 03 માં cultural.bknmu@gmail.com પર ઈમેલથી અને હાર્ડ કોપી યુનિવર્સિટી કાર્યાલય ખાતે મોકલી આપવા આથી જણાવવામાં આવે છે.

AHBapodra
I/C રજીસ્ટ્રાર

નં. : બીકેએનએમયુ/રજી./૮૧૨/૨૦૧૭
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કોલેજ કેમ્પસ, બિલખા રોડ, ખડીયા, જુનાગઢ.
તા. ૦૮/૦૯/૨૦૧૭

**પ્રતિ,**
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ /પી.જી. સેન્ટરના વડાશ્રીઓ તરફ

**નકલ સાદર રવાના :–**
૧. માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી...

**નકલ સાદર રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે**
૧. હિસાબી અધિકારી,એકાઉન્ટ વિભાગ...
૨. આઈ.ટી.સેલ(વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે)